

પ્રૉ. ઈન્દિરા પરીખનો શ્રીમાન સિદ્ધાર્થભાઈ પટેલને પરિચય આપતા



શ્રીમાન પિનાકીનભાઈનો ઉષ્માસભર આવકાર



અગાઉનાં વર્ષોમાં શાલીન માનવરત્નથી સન્માનિત મહાનુભાવો



શ્રીમતી તેજલબહેનનાં ભાવપૂર્ણ સ્વાગત









# શાલીન માનવરત્ન

## માનવતાના પ્રકાશપુંજનાં અભિવાદન

૨૦ માર્ચ ૨૦૧૬, સાંજની સભા અનેક રીતે વિશિષ્ટ બની રહી. સમાજમાં જે કોઈ જે કાંઈ સારું કરે તેની સારપને બિરદાવવી એ પણ ભક્તિ છે- યોગીબાપાની આ જીવનભાવનાને સાંગોપાંગ જીવતા સંતભગવંત સાહેબજી પ્રતિવર્ષ અનુપમ મિશનના માધ્યમ દ્વારા માનવતાના પ્રકાશપુંજનાં સન્માન કરે છે. આ વિશિષ્ટ સન્માન-'શાલીન માનવ રત્ન' પ્રતિવર્ષ અપાય છે.

આ વર્ષે દષ્ટિવંત કુશળ નેતા, સમાજસેવક, શિક્ષણવિદ મુંબઈનિવાસી શ્રીમાન અમરીષભાઈ રસિકલાલ પટેલ; સંસ્કારવર્ધક કૌશલ્યસંપન્ન શિક્ષણનાં પોષક, સંસ્કૃતિ-કલા વિશારદ, સાહસિક ઉદ્યમી વડોદરાનિવાસી શ્રીમતી તેજલ આર. અમીન; દષ્ટિવંત કેળવણીકાર, પૌદ્યોગસંપન્ન કુશળ સંસ્થાન ઘડવૈયા, બહુઆયામી તેજસ્વી કુલગુરુ નડિયાદનિવાસી શ્રીમાન ડૉ. હર્ષદભાઈ એમ. દેસાઈ; ઉદ્યમ સાહસિક, ઉદાર દાતા, કર્મઠ, સંસ્કૃતિવર્ધક કાર્યક્રમોના પોષક અમેરિકા સ્થિત સફળ પરિશ્રમી શ્રીમાન પિનાકીનભાઈ ડાહ્યાભાઈ પાઠકને અર્પણ કરાયા.

પ્રાસ્તાવિક સ્વાગત પ્રવચન અને શ્રીમતી તેજલ અમીનનો પરિચય ડૉ. મનોજભાઈ સોનીએ આપ્યો. શ્રીમાન અમરીષભાઈ પટેલના જાજરમાન વ્યક્તિત્વની ઝાંખી જગતભાઈ કિલ્લાવાલાએ કરાવી. ડો. હર્ષદભાઈના ગૌરવશાળી જીવનનો પરિચય પૃથાબહેન સોનીએ આપ્યો. પ્રા. ચંદ્રકાંતભાઈએ શ્રીમાન પિનાકીનભાઈના પ્રેરણાદાયી ચારિત્ર્યસભર જીવનની ઓળખ આપી.

ત્યારબાદ પ્રત્યેક સન્માનિત માનવરત્નોએ સંતભગવંત સાહેબજી પ્રતિના પોતાના પ્રેમભાવ અને સમાજ પ્રત્યેનાં હકારાત્મક કાર્યો અને સર્જનશીલ વલણને રજૂ કર્યાં. સન્માન પ્રાપ્ત કરનાર શ્રીમાન અમરિષભાઈએ સાહેબજીના નેતૃત્વમાં અનુપમ મિશન દ્વારા સમાજ ઉત્થાનના નિરપેક્ષ કાર્યને બિરદાવ્યું. શ્રીમતી તેજલ અમીને અનુપમ મિશનના પ્રદાનને પ્રેરણાસ્રોત ગણાવ્યું. વિદ્વત્તાપૂર્ણ પ્રતિભાવ પ્રવચનમાં ડૉ. હર્ષદભાઈ દેસાઈએ સાહેબજીના સંતરૂપે ભગવંત સ્વરૂપનો દર્શન કરાવતું પ્રેરક ઉદ્‌બોધન કર્યું.

આ પ્રસંગે પ.પૂ. ગોસ્વામી ૧૦૮ મહોદયશ્રી વ્રજરાજકુમારજી પધાર્યા હતા, તેઓશ્રીની દિવ્ય આશિષવર્ષાનો લાભ સૌને પ્રાપ્ત થયો. સંતભગવંત સાહેબજીએ ગુરુદેવ યોગીજીમહારાજની હૃદયભાવનાને છતી કરતાં અમૃત આશીર્વાદ વરસાવ્યા.



દિવ્ય મિલન... મંગલ મિલન... પ્રેમ મિલન



પ.પૂ. ગોસ્વામી ૧૦૮ મહોદયશ્રી વ્રજરાજકુમારજીનાં અભિવાદન



ડભોઈના ધારાસભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલનાં અભિવાદન



કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલનાં અભિવાદન




‘સાહેબજીના
નામમાં જ જશ છે.
જશ લેવાનો નહિ પરંતુ
જશ આપવાનો મહિમા
એ સાહેબજીનું સ્વરૂપ છે !’


★ પ.પૂ. ગોસ્વામી ૧૦૮ મહોદયશ્રી વ્રજરાજકુમારજી

‘આવી ઉમદા વ્યક્તિઓને મળીએ,
દર્શન કરીએ અને
તેમની વાતો સાંભાળીએ
તો આપણને પણ
પ્રેરણા મળે.’

★ સંતભગવંત પ.પૂ. સાહેબજી









‘‘મને આજે સાહેબજી સ્વરૂપે, પેન્ટ-શર્ટમાં પ્રભુના સ્વરૂપનું દર્શન થયું. એ દર્શન પ્રસાદીરૂપે પ્રાપ્ત કરવા હું અહીં આવ્યો છું.’’

★ ડૉ. હર્ષદભાઈ દેસાઈ



‘‘આ સન્માન બદલ આભાર વ્યક્ત કરું છું અને સાહેબજી જેવા નિરપેક્ષભાવે સમાજ ઉત્થાનનાં કાર્ય કરનારા સમાજને મળતા જ રહે તેવી યાચનાઓ કરું છું.’’

★શ્રીમાન અમરિષભાઈ પટેલ





‘‘અનુપમ મિશનની પ્રવૃત્તિઓ મને પ્રેરણા આપે છે. હોળી પર્વે મળેલ આ સન્માન મારા માટે શ્રેષ્ઠ સોગાદ છે.’’

★ શ્રીમતી તેજલ અમીન







‘‘ઊંડી લાગણીઓ સાથે અનુપમ મિશનનો આભાર !’’

★ શ્રી પિનાકીનભાઈ પાઠક



**શ્રીમતી તેજલબહેન અમીન**

હાફ મેરેથોનનું આયોજન વડોદરામાં અમે કર્યું હતું ત્યારે ઘણા પડકારો હતા અને કામ ઘણું જ કરવાનું હતું. ત્યારે સાહેબજી પાસે મેં આશીર્વાદ માંગ્યા અને તેઓએ મને માળા આપી. તે આજે પણ હું ફેરવું છું અને અનોખી શાંતિનો અનુભવ મને થાય છે. એ માળાથી જ મારાં ઘણાં કામ પાર પડી જાય છે.



**શ્રીમાન અમરિષભાઈ પટેલ**

સાહેબજી જેવા બહુ ઓછા છે જે સમાજને સુખી અને સંપન્ન કરવા મથે છે, એવું બધાએ કરવું જોઈએ. અમે એવું કરવાનો પ્રયત્ન છેલ્લાં ઘણાં વર્ષોથી કરી રહ્યા છીએ. અમારો નિઃસ્વાર્થ ભાવ છે તો પ્રભુ જ બળ આપે છે અને લોકો અમને ચાહે છે. વિષમ પરિસ્થિતિઓમાં, નાનાં ગામડાંઓમાં પણ સુવિધાઓ અમે પહોંચાડી શક્યા છીએ તે આપ જેવા સંતોની આશિષને પરિણામે જ છે.



**ડો. હર્ષદભાઈ એમ. દેસાઈ**

સાહેબજીએ મને ઘણું આપ્યું છે અને તે જ હું અર્પણ કરી શકું તો જીવન ધન્ય થયું માનીશ. અહીં આવવાની મને લાલચ હતી; કારણ કે તુલસીજીએ કહ્યું છે કે, ‘કોણ જાણે કયા સ્વરૂપે તમને નારાયણની પ્રાપ્તિ થઈ જશે ! મને આજે સાહેબજી સ્વરૂપે, પેન્ટ-શર્ટમાં પ્રભુના સ્વરૂપનું દર્શન થયું. એ દર્શન પ્રસાદીરૂપે પ્રાપ્ત કરવા હું અહીં આવ્યો છું અને તેમાં સફળ પણ થયો છું. સાહેબજી પ્રેમનું સ્વરૂપ છે. તેમની પાસે દૃષ્ટિ અને શક્તિ છે. સમાજના શ્રેય અર્થે તેઓ ખુમારીથી કાર્યવંત છે. સાહેબજીની શતાયુ જન્મજયંતી ઉજવાય અને અમે પણ તેમાં ઉપસ્થિત રહી શકીએ તેવા આશીર્વાદ દેજો. મારું આ સન્માન મારા સાથીમિત્રોને અર્પણ કરું છું.




**શ્રીમાન પિનાકીનભાઈ પાઠક**

આ શ્રેષ્ઠ સન્માન અર્પણ કરવા બદલ હૃદયની ઊંડી લાગણીઓ સાથે હું અનુપમ મિશનનો અભાર માનું છું !

**પ.પૂ. ગોસ્વામી ૧૦૮ મહોદયશ્રી વ્રજરાજકુમારજી**

જશ આપવાનો આજનો આ કાર્યક્રમ અદ્ભુત હતો ! સન્માન સાચા અર્થે ત્યારે જ થયું કહેવાય કે જ્યારે સન્માન પ્રાપ્ત કરનારમાં સમર્પણભાવ જાગે ! આવી સન્માનિત થયેલ વિભૂતિઓ સમર્પણભાવે સમાજમાં કાર્યરત છે અને એવા મહાનુભાવોને સન્માનિત કરનાર અનુપમ મિશનને કોટિ કોટિ શુભેચ્છાઓ ! સાહેબજીનો મારી સાથે સંબંધ અનેરો છે. ખૂબ હકથી તેઓએ મને અહીં આમંત્રિત કર્યો. જો હું ન આવ્યો હોત તો ઘણું ગુમાવ્યું હોત !



**સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજી**

યોગીબાપા અદ્ભુત સાધુ હતા. અસાધારણ પ્રેમ આપીને અમને સાચા માર્ગે વાળ્યા અને સમાજ ઉત્થાનના કાર્યને સમજાવ્યું ને તેમાં જોડ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ અવની પર માનવોનાં કલ્યાણ અને ઉત્થાન અર્થે અવતર્યા. આજે જે મહાનુભાવોનાં સન્માન થયાં તેઓ પણ સમાજના ઉત્થાનમાં શૈક્ષણિક, આરોગ્ય, સંસ્કૃતિજતન આદિ ક્ષેત્રોમાં દાન, પ્રબંધ આદિ દ્વારા પ્રવૃત્તિશીલ છે. યોગીબાપા કહેતા કે, ‘આવી ઉમદા વ્યક્તિઓને મળીએ, દર્શન કરીએ અને તેમની વાતો સાંભળીએ તો આપણને પણ પ્રેરણા મળે.’ બાપાની ભાવના નજર સમક્ષ રાખી અમારા સૌની ભક્તિના ભાગરૂપે આ સન્માન અર્પણ કરાયું છે.

